ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
(૨૫-૯-૨૦૦૬) મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



ચંદાબેન યાદવ
પ્રમુખ
લાયોનેસ કલબ (૨૫-૯-૧૯૭૩)



પ્રજ્ઞાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ
લાયોનેસ કલબ (૨૫-૯-૧૯૬૫)



પારૂલ મેહુલ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧

# સે. ૬ ગણેશ મહોત્સવમાં સર્વધર્મના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં અશ્વિનભાઈ જોષીનો 'મા-બાપને ભૂલશો નહીં' કાર્યક્રમ







ભુવનેશ્વરી યુવક મંડળ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા ભુવનેશ્વર મહાદેવ મંદિર, સૅક્ટર-૬ ખાતે આયોજિત ગણેશ મહોત્સવ બુધવારે રાત્રે શ્રદ્ધાળુઓને લાગણીના એક નવા જ પ્રવાહમાં તાણી ગયો હતો. એ માટેનું એક કારણ એ હતું કે ગત વર્ષની માફક આ વર્ષે પણ સર્વધર્મ પ્રતિનિધિઓને આ મહોત્સવમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, સર્વધર્મ પ્રતિનિધિઓ આદરપૂર્વક ઉપસ્થિત પણ રહ્યા હતા, જેમને પૂર્ણ સન્માનથી આવકારવામાં આવ્યા હતા અને એમના હસ્તે દીપ પ્રગટાવીને સાંસ્કૃતિક કાર્યક્રમનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. પ્રેક્ષકો પહેલાં એમને જોઈને ભાવવિભોર બન્યા અને પછી બન્યા ખ્યાત કલાકાર અશ્વિનભાઈ જોષીથી, જેમણે પોતાનો મશહૂર કાર્યક્રમ 'મા-બાપને ભૂલશો નહીં' રજૂ કરીને લોકોને લાગણીના પ્રવાહમાં તાણી લીધા. મોટી સંખ્યામાં ભાવિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. **(તસવીર : કશ્યપ નિમાવત)**

### ઉપચાર કરતાં અગમચેતી બહેતર

## નાની ઉંમરે ડ્રાઈવિંગ સામે એટીસીસીની જાગૃતિ ઝૂંબેશ



ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદમાં માર્ગ સલામતીના ઉદ્દેશથી કામ કરતી અને મુસાફર તથા અધિકૃત એજન્સીઓ વચ્ચે સેતુરૂપ કામગીરી બજાવતી સ્વૈચ્છિક સંસ્થા અમદાવાદ ટ્રાફિક કન્સલ્ટેટીવ કમિટી દ્વારા માર્ગ સલામતી અંગેની એક ફિલ્મની રજૂઆત કરવામાં આવી છે, જેમાં નાની વયે ડ્રાઈવિંગ સામે જાગૃતિ માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.

બૉક્સ બ્રિજ ફિલ્મ દ્વારા નિર્મિત આ ફિલ્મમાં શાળાના વિદ્યાર્થીઓના માધ્યમથી આડેધડ વાહનચાલન, નાની ઉંમરે ટુ-વ્હીલર ચલાવવાનું જોખમ, એથી ઊભા થતા લાંબા ગાળાનાં નકારાત્મક પરિણામો વગેરેની વાત કરવામાં આવી છે.

કેડિલા હેલ્થકૅર લિમિટેડના સીઍમડી પંકજ પટેલ અને અમદાવાદના ઍડિશનલ કમિશનર ઑફ પોલિસ (ટ્રાફિક) હરિકૃષ્ણ પટેલ આ ફિલ્મની રજૂઆત પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

ફિલ્મમાં તાજેતરમાં બહાર પાડેલા ભયસૂચક આંકડા દર્શાવવામાં આવ્યા છે. માત્ર વર્ષ ૨૦૧૪ દરમ્યાન જ ભારતના ૭૫ હજાર યુવાનો માર્ગ અકસ્માતમાં મોતનો ભોગ બન્યા છે, જે પૈકી ૫૩.૮ ટકા લોકો ૧૫થી ૩૪ વર્ષની વયના હતા.

ભારતના માર્ગો ઉપર દરરોજ ૩૬૫ વ્યક્તિઓ મોતને ભેટે છે છતાં આ બાબત ગંભીરતાથી લેવાતી નથી. ૨૦૧૪ના પ્રથમ ચાર માસમાં જ ઘાતક અકસ્માતોની સંખ્યામાં ૨૧ ટકા જેટલો વધારો નોંધાયો છે. આ વર્ષે આ દર એનાથી પણ વધુ રહેવાની સંભાવના છે. આ પ્રકારના અકસ્માતો મહદઅંશે ટ્રાફિકના નિયમોના મોટેપાયે થતા ભંગ, હેલ્મેટ વગર વાહન ચલાવવાને કારણે, સીટ બેલ્ટ પહેર્યા વગર વાહન ચલાવવાને કારણે તથા રોંગ સીડ ઉપર વાહન ચલાવવાને કારણે બને છે. એટીસીસીના પ્રમુક કનાબારે જણાવ્યું હતું કે ફિલ્મના નિર્માણ પાછલનો અમારો મુખ્ય ઉદ્દેશ નવી પેઢીમાં અને ખાસ કરીને માતાપિતામાં નાની ઉંમરે ડ્રાઈવિંગ સાથે સંકળાયેલાં જોખમો સામે જાગૃતિ ઊભી કરવાનો છે. નાની ઉંમરની વ્યક્તિ માર્ગ ઉપર વાહન ચલાવે ત્યારે અપરિપકવતા પ્રતિભાવ આપે છે. મલ્ટીપ્લેક્સીસમાં ફિલ્મ પહેલાં આ ફિલ્મ દર્શાવાય તે માટે સંસ્થાના પ્રયાસો ચાલુ છે.

## નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા ઍન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે મૉડેલ રૉકેટરી વર્કશૉપ યોજાયો



ગાંધીનગર, તા. ૨૪

નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વીપીઍમપી પોલીટૅકનીક, સૅક્ટર-૧૫ના વિદ્યાર્થીઓ માટે મૉડેલ રૉકેટરી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશૉપમાં નિસર્ગના કો-ઑર્ડિનેટર હાર્દિક મકવામા દ્વારા વિદ્યાર્થીઓને રૉકેટના વિવિધ ભાગો તેમજ રૉકેટ વિજ્ઞાનના સિધ્ધાંતો અંગે તથા ભારતીય અવકાશ સંસ્થાના પીઍસઍલવી, જીઍસઍલની રૉકેટ તેમજ ભારત દ્વારા અવકાશમાં છોડવામાં આવેલા વિવિધ ઉપગ્રહો વિશે વિશદ માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રૉકેટ, ડબલ સ્ટેજ રૉકેટ, પેરાશૂટ રૉકેટ બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. રૉકેટને અવકાશમાં નિશ્ચિત ઊંચાઈ સુધી પહોંચાડવા માટેની ગણતરી પણ વિદ્યાર્થીઓને શીખવવામાં આવી હતી અને રિમોટ કંટ્રોલ દ્વારા તેના લૉન્ચીંગ અંગે પણ વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓએ જાતે રૉકેટ બનાવીને તેનું લૉન્ચીંગ પણ કર્યું હતું.

મિકેનીકલ, સિવિલ, ઈલેક્ટ્રીકલ બ્રાન્ચના ૨૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ વર્કશૉપમાં ભાગ લીધો હતો, જેમને પ્રોત્સાહન આપવા પ્રાધ્યાપક પ્રજ્ઞેશ પટેલ, હાર્દિક પટેલ, મનીષ પટેલ, શોભા ઠક્કર તેમજ વિજ્ઞાન કેન્દ્રના શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
મેઝ રનર (હિન્દી)
સવારે ૯.૧૦, ૨.૩૦, ૭.૫૦
ભાગ જોની
૧૨.૦૦, ૫.૨૦
કૅલેન્ડર ગર્લ્સ
૧૦.૪૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૯.૪૦, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫
કટ્ટી બટ્ટી
૧૨.૪૫

**સ્ક્રીન-૩**
કિસ કિસ કો પ્યાર કરું
૧૦.૩૦, ૧.૨૫,
૪.૨૦, ૧૦.૦૫
કૅલેન્ડર ગર્લ્સ
૭.૧૫

**સ્ક્રીન-૪**
કૅલેન્ડર ગર્લ્સ
૧૦.૦૦, ૪.૦૦
બાંકિ કી ક્રેઝી બારાત
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળની ડિરેક્ટરીનું વિમોચન ૪ ઑક્ટોબરે

ગાંધીનગર, તા. ૨૪

સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળ દ્વારા ગાંધીનગર ખાતે વસતા સુરેન્દ્રનગર જિલ્લાના હમવતનીઓની ફોટાવાળી ડિરેક્ટરીનું વિમોચન, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભોજન સમારંભ આગામી તા. ૪ ઑક્ટોબરના રોજ બપોરે બે કલાકે ખિમજી વિસરામ હોલ, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો છે. કાર્યક્રમમાં જોડાવા હેતુ તમામ સભ્યોએ તેમના ભોજનપાસ તથા આમંત્રણ પત્રિકા સંબંધિત સૅક્ટર પ્રતિનિધિ પાસેથી મેળવી લેવી એમ આ અંગેની એક અખબારી યાદીમાં પ્રમુખ, મહામંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## બ્રહ્મસમાજ જીવનસાથી પસંદગી સંમેલન વડોદરામાં

ગાંધીનગર, તા. ૨૪

શ્રી ચાણક્ય સેવા ટ્રસ્ટ અને વડોદરા જિલ્લા ગુજરાત બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦મી ઑક્ટોબરના રોજ વડોદરા મુકામે જીવનસાથી પસંદગી સંમેલન યોજાઈ રહ્યું છે જેમાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવાર, વાલીએ તા. ૧૩ ઑક્ટોબર સુધીમાં કાન્તિલાલ બી વ્યાસ, પ્લૉટ નં. ૩૫૨/એ/૨, સૅક્ટર-૧૨ સી, ગાંધીનગર ખાતે ઉમેદવારી પત્રો મોકલવાના રહેશે. વધુ માહિતી માટે મો. ૯૮૨૫૦ ૩૩૦૭૪નો સંપર્ક કરવા જણાવાયું છે.

## આજે એકાત્મ માનવ દર્શન ચિંતક મહેશજીનું પ્રવચન

ગાંધીનગર, તા. ૨૪

એકાત્મ માનવ દર્શનના દૃષ્ટા પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતિ નિમિત્તે એકાત્મ માનવદર્શન સંશોધન પ્રતિષ્ઠાન, નવી દિલ્હીના અધ્યક્ષ અને જાણીતા ચિંતક ડૉ. મહેશપ્રસાદ શર્માનું પ્રવચન શુક્રવારના રોજ અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે.

દિનદયાળ વાંચનાલય તથા સંશોધન કેન્દ્ર, નિરંજન સોસાયટી સામે, ગુરુકુલ માર્ગ, મેમનગર, અમદાવાદ ખાતે શુક્રવારે સાંજે ૫.૩૦ કલાકે આયોજિત આ પ્રવચનનો લાભ લેવા સૌ કોઈ ભાવકોને દિનદયાળ વાંચનાલય તથા સંશોધન કેન્દ્ર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વિશ્વકર્મા સુથાર સમાજ જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

શ્રી વિશ્વકર્મા સુથાર સમાજ (ગજ્જર) વલ્લભવિદ્યાનગરના અગ્રણી કનુપ્રસાદ સુથાર જણાવે છે કે જીવનસાથી પસંદગી માટે સમગ્ર ભારત કે પરદેશમાં વસતા મેવાડા ગજ્જર વૈશ્ય અને પંચોળી જ્ઞાતિના યુવક-યુવતીઓને સમાજની ઑફિસ શ્રી નીલકંઠ મહાદેવ મંદિર (વિશ્વકર્મા મંદિર), હરીઓમ નગર, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર ખાતેથી ફૉર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરીને તા. ૨૫ ઑક્ટોબર સુધી પરત પહોંચાડવાના રહેશે. શારીરિક ખોડખાંપણ ધરાવતા, વિધવા, ત્યક્તા કે છૂટાછેડા લીધેલા વ્યક્તિઓ પણ આ પસંદગી મેળા માટે ફૉર્મ ભરી શકશે. દૂર રહેતા સંતાનોના વાલીઓ પણ આ ફૉર્મ ભરી શકે છે, જેથી સમાજના વધુમાં વધુ યુવકો અને યુવતિઓને પસંદગીની તક મળી શકે. આ અંગેની વધુ માહિતી માટે રમેશભાઈ સુથાર (મો. ૯૪૨૯૦ ૩૨૦૨૪), ધર્મેન્દ્રભાઈ સુથાર, અજયભાઈ સુથારનો સંપર્ક કરવા જણાવાયું છે.

### મધુર ભંડારકરની વધુ એક વાસ્તવિકતાભરી ફિલ્મ

## 'કૅલેન્ડર ગર્લ્સ' આજથી રજૂ થશે સિટી પલ્સ થિયેટરમાં પ્રિમિયર

### ગાંધીનગરની અવની મોદીની ફિલ્મથી પદાર્પણ





ગાંધીનગર, તા. ૨૪

બૉલીવૂડના 'હટકે' ડિરેક્ટર મધુર ભંડારકરની ફિલ્મ 'કૅલેન્ડર ગર્લ' શુક્રવારથી રજૂ થઈ રહી છે, જેનો પ્રિમિયર શો ગાંધીનગરના સિટી પલ્સ થિયેટર ખાતે યોજાઈ રહ્યો છે.

આ ફિલ્મના નિર્માતા-લેખક પણ મધુર ભંડાકરક પોતે જ છે, સહનિર્માત્રી છે સંગીતા આહિર. મીત અંજાન અને અમાલ મલિક દ્વારા ફિલ્મનું સંગીત તૈયાર કરવામાં આવ્યું છે. મધુર ભંડારકરે વાસ્તવિક કથાઓ પરથી જ ફિલ્મોનું નિર્માણ કર્યું છે, એમ આ ફિલ્મ માટે પણ એમનો એવો દાવો છે કે ફિલ્મ ૭૫ ટકા વાસ્તવિકતા અને પચીસ ટકા કાલ્પનિક છે.

ફિલ્મ પાંચ યુવતિઓ પર આધારિત છે, જે દેશના વિવિધ પ્રાંતોમાં વસે છે અને દેશના સૌથી પ્રતિષ્ઠિત કૅલેન્ડર માટે પસંદ થાય છે. આ કૅલેન્ડર એક બિઝનેસ ટાયકૂન અને એના ફોટોગ્રાફર ફ્રેન્ડનું સંયુક્ત સાહસ છે.

આ ફિલ્મના માધ્યમથી પાંચ નવી અભિનેત્રીઓ બૉલીવૂડમાં પદાર્પણ કરી રહી છે : આકાંક્ષા પુરી, અવનિ મોદી, ક્યારા દત્ત, ઋષિ સિંઘ, સતરૂપા પાઈન. ઉપરાંત, સુહેલ શેઠ, રોહિત રૉયની પણ ફિલ્મમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે.

૧ જુલાઈના રોજ આ ફિલ્મનું ટીઝર અને ૧૭ ઑગષ્ટના રોજ ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં તેની રજૂઆત ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ફિલ્મમાં પાંચ ગીતો છે, જે સંગીતકાર મીત અંજાન અને અરમાન મલિક ઉપરાંત, અરિજિત સિંગ, ખુશ્બુ ગ્રેવાલ, નેહા કક્કર અને અદિતિ સિંગ શર્માએ ગાયાં છે.

## શ્રોતાઓને લાગણીમાં તાણી જતો શિવરંજનીનો ગઝલ કાર્યક્રમ : આહિસ્તા..આહિસ્તા..

૧૯૭૨થી ગાંધીનગરમાં સૂર શબ્દની ધૂણી ધખાવી કાર્યરત સંસ્થા શિવરંજની દ્વારા ગાંધીનગર ટાઉનહૉલ ખાતે 'આહિસ્તા... આહિસ્તા....' નામનો ગઝલનો કાર્યક્રમ યોજાયો, જેના માધ્યમથી ત્રણ ગાયકો ગાંધીનગરમાં પ્રથમવાર રજૂ થયા : અતુલ બ્રહ્મભટ્ટ (વૉઈસ ઑફ જગજિતસિંહ), સ્તુતિ જાની ને રીતીશા મુખરજી. કાર્યક્રમ સંચાલનની ધૂરા તેજસ મજમુદારે સફળતાપૂર્વક સંભાળી હતી.

સ્ટેજના બૅકગ્રાઉન્ડમાં જગજિતસિંહ-ચિત્રાના ફોટોગ્રાફ સાથેનું વિશાળ બૅનર અને સ્ટેજ ઉપર મનગમતી ગઝલોનો રસથાળ શ્રોતાઓ માટે ખરે જ માણવા જેવો અવસર બની રહ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે મહેન્દ્રભાઈ ભાવસાર દ્વારા સ્વાગત પ્રવચન અને પ્રમુખ વાગ્મિન બુચ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. એમણે ગાંધીનગર માટે નવા એવા ત્રણેય ગાયકોનો પરિચય પ્રેક્ષકોને કરાવ્યો હતો.

તાજેતરમાં પડેલા વરસાદને જાણે અનુરૂપ હોય એમ અતુલ બ્રહ્મભટ્ટે પ્રથમ જ રચના 'ગરજ બરસ પાની ધરતી પર... ફિર પાની દે મૌલા...' રજૂ કરીને માહોલ બનાવી દીધો. એ પછી 'તેરે બારે મેં જબ સોચા નહીં થા...' રજૂ કરીને પ્રેક્ષકોને ગઝલના વાતાવરણમાં ઠરીઠામ કરી દીધા.





(તસવીર : દીપક જાની)

ગઝલ ગાયકીનો એવો પ્રકાર છે કે એની રજૂઆત પૂર્વે તેને સાર્થક બનાવે એવી પૂર્વભૂમિકા બંધાય તો તેનું રસપાન આહ્‌લાદક બની જાય છે. તેજસ મજમુદારે આ જવાબદારી બખૂબી નિભાવી અને એક પછી એક રચનાએ મહેફિલનો માહોલ ખડો કરી દીધો.

'કોલ ચૌદવીં કી રાત થી...', 'સલોના સજન ઔર મૈં હૂં...', 'હોશવાલોં કો ખબર ક્યા, બેખૂદી ક્યા ચીઝ હૈ...', 'દિલ ચીઝ ક્યા હૈ આપ મેરી જાન લિજીયે...' 'સરકતી જાયે રુખ સે નકાબ, આહિસ્તા, આહિસ્તા...', 'હમરી અટરિયા પે આયે સાંવરિયા...' 'હુઝુર આપ કા ભી એતરામ કરતા ચલું...' 'રાત ભી નીંદ ભી કહાની ભી...' 'વહ જો હમ મેં તુમ મેં કરાર થા...' 'ઠુકરાઓ યા કિ પ્યાર કરો...' 'યે દોલત ભી લે લો, યે શોહરત ભી લે લો...' 'બાત નીકલી હૈ તો બહુત દૂર તક જાયેગી...', 'અલ્લાહ, દર્દ સે દામન ભર દે...', 'તેરી ખુશ્બુ મેં ભીગે હુએ ખત મૈં જલાતા કૈસે...' 'એક જરા હાથ બઢા લે તો પકડ લું દામન..' 'કિસી નજર કો તેરા ઈન્તઝાર આજ ભી હૈ...', 'યે દિલ યે પાગલ દિલ મેરા...' 'ફિર છિડી બાત રાત ફૂલોં કી...', 'હોઠોં સે છૂ લો તુમ...', 'તુમકો દેખા તો યે ખયાલ આયા...'. 'તુમ ઈતના જો મુસ્કુરા રહી હો...', 'ઝુકી ઝુકી સી નઝર બેકરાર હૈ કિ નહીં...' એમ કાર્યક્રમના અંત સુધીમાં ચિંતન કરાવે, લાગણીમાં તાણી જાય એવી ગઝલો પ્રસ્તુત થઈ.

યાદ રહી જાય એવા આ કાર્યક્રમ વિશે એટલું તો જરૂર કહી શકાય કે...

ગમતી રચનાઓના આ ખળ-ખળ વહેતાં

ઝરણાં... કરી નાખે ગુલતાન

લયના સથવારે ડોલાવે... ગઝલ એનું નામ...

**- નરેશ ઝીંઝુવાડીયા**